**છીપવાડ ગરનાળું અને મુખ્ય માર્ગ બંધ રહેતા 40 ગામોના લોકો મુશ્કેલીમાં**

# પૂર પછી હજુ પણ રસ્તા બંધ

**માર્ગના** અયોગ્ય સમારકામને કારણે સર્જાયો ગંભીર અકસ્માત

**એક** યુવકનું મોત થતાં તંત્ર દ્વારા ગરનાળું ફરી બંધ કરાયું, ગ્રામજનોમાં ભારે રોષ




વલસાડ : વલસાડ જિલ્લામાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદ અને પુરની પરિસ્થિતિને 17 દિવસ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી જનજીવન પૂર્વવત થઈ શક્યું નથી. છીપવાડનું ગરનાળું અને કૈલાસ રોડથી ગુંદલાવ રોડ પર વાહનવ્યવહાર હજુ પણ બંધ હાલતમાં હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

આ મહત્વપૂર્ણ માર્ગ બંધ રહેવાને કારણે વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડ પરથી રોજિંદી અવરજવર કરતા આશરે ૪૦ જેટલા ગામોના ગ્રામજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

આ પરિસ્થિતિના લીધે વિદ્યાર્થીઓ, ખેડૂતો, નોકરીયાતો, વેપારીઓ તેમજ કટોકટીના સમયે હોસ્પિટલ પહોંચતા દર્દીઓ સહિત હજારો લોકોની દૈનિક દિનચર્યા ખોરવાઈ ગઈ છે.

જનહિતની આ અત્યંત ગંભીર સમસ્યાને લઈને ૪૦ ગામોના સરપંચો, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ એકસંપ થઈને વલસાડ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમણે માર્ગની સમસ્યાનો ઉકેલ તાત્કાલિક ધોરણે લાવવા કડક માગ કરી હતી.

### માર્ગનું યોગ્ય રિપેરિંગ ન થયું

ગ્રામજનોની રજૂઆત બાદ તંત્ર દ્વારા છીપવાડ ગરનાળું 2 દિવસ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. પરંતુ, ખરાબ થયેલા માર્ગનું યોગ્ય અને ભરોસાપાત્ર રિપેરિંગ કર્યા વિના જ વાહનવ્યવહાર શરૂ કરી દેવાતાં ત્યાં અકસ્માતોની વણઝાર સર્જાઈ હતી. જેમાં એક યુવાનનો જીવ ગયો હતો. જ્યારે એક વાહનચાલકને ગંભીર ઇજાઓ પહોંચી હતી. આ માર્ગ પર વાહનચાલકોની સલામતી જોખમાતાં તંત્ર દ્વારા આ ગરનાળું ફરીથી બંધ કરવાની ફરજ પડી છે. ગરનાળું ફરીથી બંધ થઈ જતાં 40 ગામોના લોકોની તકલીફોમાં વધારો થયો છે. તંત્ર દ્વારા માત્ર વેઠ ઉતારવાને બદલે યોગ્ય રીતે માર્ગનું કાયમી સમારકામ કરવામાં આવે અને રસ્તો ઝડપથી ખુલ્લો કરાય તેવી લોકમાગ ઉઠી રહી છે.

## નાનાપોંઢામાં તમાકુ વેંચતા 31 દુકાનદારોને દંડ

વલસાડ : વલસાડ જિલ્લા આરોગ્ય, પોલીસ અને ડ્રગ વિભાગે મોટાપોંઢા, નાનાપોંઢા અને બાલચોંડીમાં ચેકિંગ કામગીરી હાથ ધરી હતી. જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વેચતા પાનના ગલ્લા અને પાર્લરના કુલ ૩૧ દુકાનદારો પાસેથી રૂપિયા 6200નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. ઉપરાંત શૈક્ષણિક સંસ્થાની 100 વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની વેચાણ પર પ્રતિબંધ છે તેવી ચેતવણી આજુબાજુનાં પાનના ગલ્લાવાળાઓને આપવામાં આવી હતી. તેઓને “તમાકુથી કેન્સર થાય છે અને 18 વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે. આવી આરોગ્ય વિષયક સમજ પણ આપી હતી. ડ્રટોબેકો કંટ્રોલ સેલ સોશિયલ વર્કર તથા ટી.એમ.પી. કર્મચારીએ કામગીરી કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીના વિકાસ માટે ભૂપેન્દ્ર પટેલના હસ્તે 55 કરોડની ગ્રાન્ટ



નવસારી : નવસારી પાલિકાને સુઆયોજિત અને સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે રૂ.55 કરોડની ગ્રાન્ટનો ચેક આપ્યો હતો. આ ફાળવણીથી શહેરમાં પાયાની અને માળખાગત સુવિધાઓના વિકાસને વધુ વેગ મળવાની આશા છે. સમારોહમાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યમંત્રી દર્શના વાઘેલા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. નવસારીના મેયર અશોક ધોરાજીયા, ડેપ્યુટી મેયર કેયુરી દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન મુકેશ અગ્રવાલ, શાસક પક્ષના નેતા નરેશ પુરોહિત, દંડક રાકેશ પટેલ, કમિશનર જયેશ ઉપાધ્યાય તથા નાયબ કમિશનર ગૌરાંગ વસાણી ઉપસ્થિત રહ્યા હતા.રૂ.55 કરોડની આ ગ્રાન્ટથી નવસારીના વિકાસ કાર્યોને નવી ગતિ મળવાની અપેક્ષા છે.

### વાપી મનપાને મુખ્યમંત્રીએ રૂપિયા 55 કરોડની ગ્રાન્ટનો ચેક આપ્યો



વાપી : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાણાં તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે મનપાને ચેક આપીને વાપી શહેરના સર્વાંગી વિકાસ માટે રૂપિયા 55 કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી. એક સમારંભમાં મંગળવારે સવારે ૧૦:૦૦ કલાકે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રીના હસ્તે ચેક અર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ જનકલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રાજ્ય સરકાર દ્વારા લોકહિતલક્ષી યોજનાઓ અને વિકાસકાર્યોને સતત વેગ આપવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે વાપી શહેરના મેયર દક્ષાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીશભાઈ પટેલ તથા મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી દ્વારા વાપી શહેરના સર્વાંગી વિકાસ માટે રૂપિયા 55 કરોડની ગ્રાન્ટનો ચેક સ્વીકારવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ વાપી શહેરના માળખાકીય સુવિધાઓના વિકાસ, નાગરિક સુખાકારી અને સર્વાંગી પ્રગતિને વધુ વેગ મળે તેવા પ્રયાસ થઈ રહ્યા છે.

### લાયન્સ ઇંગ્લિશ સ્કૂલના આર્યાવર્ત મેટ્રિક્સે ગૌરવપૂર્ણ ઇતિહાસ રચ્યો



વાપી : સિલવાસાની લાયન્સ ઈંગ્લિશ સ્કૂલને વિદ્યાર્થીઓએ રોબોટિક્સ અને STEM ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવ્યું છે. આયોજિત WRO ઇન્ડિયામાં દેશભરના યુવા પ્રતિભાઓએ તેમની વૈજ્ઞાનિક વિચારસરણીનું પ્રદર્શન કર્યું હતુ. સ્પર્ધાના વર્ચ્યુઅલ રાઉન્ડમાં, ટીમ આર્યાવર્ત મેટ્રિક્સે 25,000થી વધુ ટીમોમાંથી 15મું સ્થાન મેળવ્યું હતુ, વર્ચ્યુઅલ રાઉન્ડની સફળતા બાદ, મુંબઈમાં સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ચાલીસ ટીમોએ ભાગ લીધો હતો. લાયન્સ ઈંગ્લિશ સ્કૂલની ટીમે તિવ્ર સ્પર્ધા વચ્ચે, માસ્ટર પવન સિંહ (IX-C) અને માસ્ટર વેદ સંધાનસીવ (IX-C) એ આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા અને નિશ્ચય દર્શાવ્યો હતો અને ઉત્તમ 7મું સ્થાન મેળવ્યું હતું. આ સિદ્ધિ સાથે, ટીમ આર્યાવર્ત મેટ્રિક્સ WRO નેશનલ ચેમ્પિયનશિપ 2026 માટે ક્વોલિફાય થઈ ગઈ છે. રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ હૈદરાબાદમાં યોજાશે, જ્યાં દેશમાંથી પસંદ કરાયેલી ટીમો પ્રદર્શન કરશે. ટીમના માર્ગદર્શક કરણસિંહના સમર્થનથી વિદ્યાર્થીઓની પ્રતિભાને નવી દિશા મળી છે. ટ્રસ્ટના પ્રમુખ ફતેહસિંહ ચૌહાણે ટીમ આર્યાવર્ત મેટ્રિક્સની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ પર આનંદ વ્યક્ત કર્યો હતો અને માસ્ટર પવન સિંહ, માસ્ટર વેદ સંધાનસીવ અને ટીમના સમર્પિત માર્ગદર્શક કરણસિંહને અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

### વાપીની સ્કૂલની તાલુકા લેવલે સફળતા



વાપી : SGFI તાલુકા લેવલે વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં અન્ડર - 19 ગર્લ્સ વોલીબોલ ટીમ ચેમ્પિયનશિપનું ટાઇટલ જીતી છે અને અન્ડર - 19 બોયઝ વોલીબોલ ટુર્નામેન્ટમાં રનર્સ અપ રહ્યા છે. શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓનું સુંદર પ્રદર્શન રહ્યું. અન્ડર 19 ગર્લ્સ ટીમમાં ગરીમા સિંગ, રાગીની યાદવ, સોમ્યા યાદવ, અંશુ શર્મા, ટીના પાંડે, સોનમ શર્મા શ્રુતિ ત્રિપાઠી, શગુનધીવર, રિદ્ધિ તિવારી, નંદની સિંગ, કવિતા માલી, અનન્યા તિવારી જ્યારે અન્ડર -19 બોયઝ ટીમમાં શોર્ય પાઠક, હર્ષ પટેલ, શિવમ યાદવ, યુવરાજસિંગ, ગૌરવ ત્રિપાઠી, મોસાબ મિર્ઝા, નીલ ભાનુશાલી, પિયુષ રાઠોડ, આસિફ ખાન, સક્ષમ ઝાનો સમાવેશ થાય છે. સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને, કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્યા બીજ્ઞી પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતાં.

### બીલીમોરા જીઆઇડીસીની ઉમા ઇન્ડસ્ટ્રીઝમાં આગ


કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા નજીક આંતલીયા જીઆઈડીસી સ્થિત ઉમા ઇન્ડસ્ટ્રીઝ ગોડાઉન લાકડાનાં વ્હેરમાં મંગળવાર સવારે ૧૦:૩૭ કલાકે આગ ભભૂકી ઉઠી હતી. બીલીમોરા નગરપાલિકા અને ફાયર ફાયટરએ ત્વરિત અર્ધા કલાકની ભારે જેહમત બાદ આગ કાબૂમાં લીધી હતી. જેને પગલે મોટી દુર્ઘટના ટળી હતી.

## ઉમરગામમાં 2 ઇંચ વરસાદથી વાતાવરણ આહલાદક બન્યું

**લાંબા** વિરામ બાદ વલસાડમાં મેઘરાજાની પધરામણીથી વાતાવરણમાં ઠડક પ્રસરી


ઉમેશ સોલંકી

વલસાડ, ઉમરગામ : વલસાડ જિલ્લામાં લાંબા વિરામ બાદ આજે ફરી વરસાદી માહોલ જામ્યો હતો. સવારથી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને લોકોને ઉકળાટમાંથી રાહત મળી હતી. ખાસ કરીને ઉમરગામ તાલુકામાં વરસાદે જોર પકડ્યું હતું.

ઉમરગામ તાલુકામાં દસેક દિવસના વિરામ બાદ મંગળવારે મેઘરાજાએ ત્રીજા રાઉન્ડની શરૂઆત કરી છે. સવારથી જ ધીમીધારે આખો દિવસ વરસાદ વરસ્યો હતો. જેમાં 52 મીમી (બે ઈંચ) જેટલો વરસાદથી વાતાવરણ આહલાદક અને ઠંડકભર્યું બન્યું હતું. વરસાદના કારણે નીચાણવાળી જગ્યાએ તથા રસ્તા ઉપર સામાન્ય પાણી ભરાયેલું જોવા મળ્યું હતું. ફલડ કંટ્રોલરૂમના જણાવ્યા પ્રમાણે ઉમરગામ તાલુકામાં મોસમનો કુલ વરસાદ 2700 મીમી (108 ઈંચ) જેટલો નોંધાયો છે.

વલસાડ જિલ્લામાં સરેરાશ 15 મીમી (આશરે 0.59 ઈંચ) વરસાદ નોંધાયો છે. તાલુકાવાર વાત કરીએ તો ઉમરગામમાં સૌથી વધુ 52 મીમી., કપરાડામાં 18 મીમી., પારડીમાં 13 મીમી., વાપીમાં 9 મીમી., વલસાડ અને નાનાપોંઢામાં 5-5 મીમી. તથા ધરમપુરમાં 3 મીમી. વરસાદ નોંધાયો છે.

ઉમરગામમાં બપોરના 12 થી 2 વાગ્યા દરમિયાન 25 મીમી. વરસાદ ખાબક્યો હતો, જ્યારે 10 થી 12 દરમિયાન પણ 18 મીમી. વરસાદ નોંધાયો હતો. જેના કારણે ઉમરગામમાં વરસાદની અસર વધુ જોવા મળી હતી. દરમિયાન, 11 ઓગસ્ટ સુધી જિલ્લાના સિઝનનો સરેરાશ કુલ વરસાદ 102.21 ઈંચ થયો છે.

## ડુમલાવમાં પૂરની સ્થિતિ સામે ગ્રામજનોની રજૂઆત

**ખાડીઓના** અનાધિકૃત પુરાણ અને અતિક્રમણ સામે આક્રોશ


અમૃત પટેલ

પારડી : પારડી તાલુકાના ડુમલાવ ગામે આદિવાસી વિસ્તારના ગ્રામજનોએ એકજૂથ થઈને પારડી પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું છે. ગામમાં ગેરકાયદેસર કાદવ-માટીનું પુરાણ, ખાડીઓ પર અતિક્રમણ અને બિન-આદિવાસી ઔદ્યોગિક કે વાણિજ્યિક એકમોના પ્રવેશ સામે ગ્રામજનોએ ભારે વિરોધ નોંધાવ્યો છે. તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ ડુમલાવ અને આસપાસના ગામોમાં અભૂતપૂર્વ પૂરની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિકોના આક્ષેપ છે કે, અનધિકૃત રીતે ખાડીઓનું પુરાણ કરવાને કારણે પાણીનો કુદરતી પ્રવાહ રોકાઈ ગયો હતો અને ગામડાઓમાં પાણી ભરાઈ ગયા હતા.

ડુમલાવ ગામના રહેવાસી ભગુભાઈ પટેલે જણાવ્યું હતું કે, અમારું ગામ આદિવાસી એક્ટ હેઠળ આવે છે. ૨૩મી જુલાઈએ પડેલા વરસાદમાં અનાધિકૃત માટીનું ફીલિંગ અને ખાડીઓના પુરાણને કારણે પાણીનું વહેણ ગામડા તરફ ફંટાયું હતું. ૧૦૦ વર્ષમાં પહેલીવાર એવા પાણી આવ્યા કે લોકોના ઘરો ડૂબી ગયા હતા. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગામમાં બહારના કોઈપણ ઔદ્યોગિક એકમો કે અસામાજિક તત્વોને પ્રવેશવા દેવામાં નહીં આવે તેવી માગણી કરાઈ છે.

ગામના સરપંચ પ્રકાશ પટેલે જણાવ્યું કે, ગામમાં બિન-આદિવાસી કે કોમર્શિયલ બાંધકામોથી નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત, વર્ષોથી ખેતી કરતા આદિવાસી ખેડૂતોની જમીન સુરક્ષા અને પ્રકૃતિ આધારિત જીવનશૈલી જાળવી રાખવા અંગે પણ રજૂઆત કરવામાં આવી હતી. લલ્લુભાઈ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા ૪૦ વર્ષથી જે ખેડૂતો જમીન ધરાવે છે અને જો દસ્તાવેજ કરવાના બાકી રહી ગયા હોય, તો પણ તેમની જમીનનો કબજો કોઈ છીનવી ન લે અને સુરક્ષા મળે તે માટે વિશેષ માગ કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેતી બેંક વાંસદા શાખામાં વનપંડિત અનુપસિંહ સોલંકી સહિતના બિનહરીફ



વાંસદા: ગુજરાત રાજ્ય ખેતી બેંકની વાંસદા શાખાની ચૂંટણીમાં નિયત સમયમર્યાદા દરમિયાન ભરવાની જગ્યાઓ જેટલા જ ઉમેદવારી ફોર્મ રજૂ થતાં તમામ હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા હતા. વાંસદા શાખાના જિલ્લા પ્રતિનિધિ તરીકે શંકરભાઈ શામજીભાઈ ગામીત (ખાનપુર) તેમજ શાખા સમિતિના પ્રમુખ તરીકે અનુપસિંહ સોલંકી, જ્યારે સભ્યો તરીકે નવલુંભાઈ બાબજીભાઈ (સતિમાળ) અને સુભદ્રાબેન નવનીતભાઈ (ખાનપુર) બિનહરીફ ચૂંટાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વનપંડિત અનુપસિંહ સોલંકી છેલ્લા ૫૬ વર્ષથી ખેતી બેંક સાથે સંકળાયેલા છે. એકાદ-બે અપવાદને બાદ કરતાં તેઓ મોટાભાગે બિનહરીફ ચૂંટાતા આવ્યા છે. એક સમય એવો હતો જ્યારે રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા ખેડૂતોને ધિરાણ આપવામાં ઉદાસીનતા દાખવાતી હતી અને ખેડૂતો પાસે લોન મેળવવા માટે ખેતી બેંક સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો. આવા કપરા સંજોગોમાં ખેતી બેંકે ખેડૂતોને સરળતા અને ઉદારતાથી ધિરાણ પૂરું પાડીને ખેડૂતોમાં વિશ્વાસનું સ્થાન બનાવ્યું હતું. વાંસદા ખાતે ગુજરાત રાજ્ય ખેતી બેંક શાખા સમિતિનું પોતાની માલિકીનું મકાન સૌપ્રથમ બન્યું હોવાનું પણ જાણવા મળ્યું છે. આ મકાનનું ઉદ્ઘાટન તે સમયના ગુજરાત ખેતી બેંકના ચેરમેન કનુભાઈ પટેલ (સાબરકાંઠા)ના હસ્તે કરવામાં આવ્યું હતું.

### ઝારખંડથી સાઈબર ફ્રોડ ટોળકીના આરોપીની ધરપકડ

દમણ : સંઘપ્રદેશ દમણ પોલીસે સાઈબર ફ્રોડ આચરનાર એક ઠગની ઝારખંડથી ધરપકડ કરી છે. આ ઠગબાજ લોકોના વોટ્સએપ પર આર.ટી.ઓ. ઈ-ચલણની એપીકે ફાઈલ મોકલી ફોન હેક કરતો અને બેંક ખાતામાંથી નાણાં ઉપાડી લેતો હતો. વિગતવાર માહિતી મુજબ, ગત ૨૭મી એપ્રિલ ૨૦૨૬ના રોજ દમણના કડૈયા કોસ્ટલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી કે, ફરિયાદીના વોટ્સએપ પર આર.ટી.ઓ. ઈ-ચલણના નામે અજાણી એપીકે ફાઈલ મોકલવામાં આવી હતી. આ એપ ડાઉનલોડ કરીને ઇન્સ્ટોલ કરતા જ ફોન હેક થઈ ગયો હતો અને ખાતામાંથી રકમ ઉપાડી લેવાઈ હતી. પોલીસે ટેકનિકલ વિશ્લેષણ કરતા આ ગુનો ઝારખંડના ગિરિડીહ જિલ્લામાં રહેતા મોહમ્મદ સમીર અન્સારી દ્વારા આચરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. દમણ પોલીસની ટીમે ઝારખંડ ખાતે પાંચ દિવસ સુધી વોચ ગોઠવીને આરોપીને ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં ખુલાસો થયો કે આરોપી હેક કરાયેલા ફોનના કોન્ટેક્ટ લિસ્ટમાં રહેલા તમામ નંબરો પર પણ આ જ પ્રકારે ફાઈલ મોકલીને ઠગાઈનું નેટવર્ક ચલાવતો હતો. પોલીસે તેની પાસેથી એક એપલ આઈફોન ૧૬ પ્રો મેક્સ તેમજ અન્ય મુદ્દામાલ જપ્ત કરી ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી દમણ કોર્ટમાં રજૂ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ અજાણ્યા નંબર પરથી આવતી શંકાસ્પદ એપીકે ફાઈલ ડાઉનલોડ કે ઇન્સ્ટોલ કરવી નહીં અને સાઈબર ઠગાઈ જણાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવો.

## ભાજપ નેતાની જમીન પર સરકારી ગ્રાન્ટથી બ્રિજ બનાવાયો!

**૨૪ કલાકમાં** સંતોષકારક કાર્યવાહી નહીં થાય તો ભૂખ હડતાળની યુથ કોંગ્રેસની ચીમકી



વલસાડ : વલસાડ તાલુકાના વશીયર ગામે ભાજપના નેતાના સગાની ૭૫,૨૧૪ ચોરસ વાર ખેતીની જમીનમાં અંગત વપરાશ માટે સરકારી નાણાંનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર રીતે કરોડોના ખર્ચે બ્રિજ બનાવવામાં આવ્યો હોવાના આક્ષેપો સાથે વલસાડ એસેમ્બલી યુથ કોંગ્રેસ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. યુથ કોંગ્રેસના પ્રમુખ મીત દેસાઈ અને કાર્યકર્તાઓઓ વારંવાર રજૂઆતો કરવા છતાં પગલાં લેવામાં આવ્યા નથી. જેથી ૨૪ કલાકમાં કાર્યવાહી કરવામાં નહીં આવે તો તા. ૧૩/૦૮/૨૦૨૬ થી ભૂખ હડતાળ પર બેસશે. બ્રિજના નિર્માણ અંગે SITની રચના કરી અન્ય રાજ્યની નિષ્પક્ષ ટીમ બોલાવી તપાસ કરવામાં આવે. પંચાયત દ્વારા રજૂ કરવામાં આવેલા બ્રિજની માંગણી અંગેના દસ્તાવેજોની ફોરેન્સિક તપાસણી કરવામાં આવે, આ દસ્તાવેજો ઊભા કરાયા હોવાની શંકા છે. જમીન માલિક દ્વારા ૬૩૦૦ જમીન સરકાર હસ્તક કરવા અંગે લેખિતમાં આપેલ હોવા છતાં સરકાર હસ્તક કરાઈ નથી, જેથી સરકારી ચોપડે લેવામાં આવે. બ્રિજની માંગણીથી લઈને અત્યાર સુધીની વિગતો કલેક્ટર દ્વારા પ્રજા સમક્ષ જાહેર કરવામાં આવે. આ ગેરકાયદેસર બ્રિજના નિર્માણમાં સંડોવાયેલા અધિકારીઓ પાસેથી ખર્ચાયેલા સરકારી નાણાંની વસુલાત કરવામાં આવે. યુથ કોંગ્રેસે સ્પષ્ટતા કરી છે કે તેમનો કોઈ અધિકારી કે ખેડૂત સામે વ્યક્તિગત અદાવત નથી, પરંતુ સરકારી તિજોરીના નાણાંનો દુરુપયોગ અટકે અને પ્રજાના ટેક્સના પૈસા માત્ર જનહિત અને સાચા વિકાસકામોમાં વપરાય તે જ આ લડતનો મુખ્ય હેતુ છે.

### તીઘરામાં માનસિક બીમારીથી કંટાળેલા આધેડે જીવન ટૂંકાવ્યું

નવસારી : તીઘરાના વેરાઈ ફળિયામાં રહેતા સતિષ હળપતિએ પોતાના ઘરના ઓટલાની છત સાથે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. બનાવની જાણ થતાં નવસારી મૃતકના પુત્ર કેયુર રાઠોડની ફરિયાદના આધારે તપાસ એ.એસ.આઈ. રવિનભાઈ ચલાવી રહ્યા છે.

### નવસારી LCBએ ફરાર આરોપીને ઝડપી પાડ્યો

નવસારીઃ જલાલપોર પોલીસ સ્ટેશનના મારામારીના ગુનામાં ફરાર આરોપી પવન મિશ્રાને નવસારી LCB પોલીસે વડોદરાથી ઝડપી પાડ્યો છે. સને 2022માં પાસપોર્ટ સાઈઝના ફોટા પડાવવા ફોટો સ્ટુડિયોમાં આવેલા આરોપીએ પૈસા આપવાના મુદ્દે ઉશ્કેરાઈ સ્ટુડિયો માલિક સાથે મારામારી કરી ઈજા પહોંચાડી ફરાર થઈ ગયો હતો.

**અસહ્ય દુર્ગંધ અને રોગચાળાના ભયથી ગ્રામજનો તેમજ પશુપ્રેમીઓમાં ભારે રોષ**

## હાઈવે પર જ મૃત ઢોરોનો નિકાલ

**રાષ્ટ્રીય** ધોરીમાર્ગ હેલ્પલાઇન નંબર 1033 પર ફોન કર્યા પછી પણ મૃત ઢોરનો નિકાલ નહી થયાનો સરપંચનો આક્ષેપ



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકાના ભિલાડ નંદીગામ નેશનલ હાઈવે પર ઢોરોના કારણે ચિંતાજનક અકસ્માતના ગંભીર બનાવ બને છે એટલું જ નહીં મૃત ઢોરના સમયસર નિકાલ ન થતો હોવાની ફરિયાદો ઊઠી છે. તાજેતરમાં નંદીગામ ગ્રામ પંચાયતના સરપંચ સંતોષભાઈએ જણાવવ્યું છે કે તેમનું ગામ હાઈવેને અડીને આવેલું ગામ છે. હાઈવે ઉપર મૃત ઢોર પશુઓનું નિકાલ ન થવાના કારણે ઘણીવાર કુતરાઓ તેને ફાડી ખાય છે. આના કારણે અસહ્ય દુર્ગંધ અને રોગચાળાનો ભય સતાવે છે. પંચાયત તથા ગ્રામજનો ઘણીવાર મૃત ઢોરનો નિકાલ કરતા હોય છે. પરંતુ હાલ ચોમાસાની સિઝનમાં જીસીબી મશીન ન મળવાને કારણે કામગીરી કરવા મુશ્કેલી અનુભવે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગના હેલ્પલાઈન નંબર 1033 ઉપર ફોન કર્યા પછી પણ કોઈ આવતું નથી. ઘણીવાર બે ત્રણ દિવસ સુધી માણસો ન આવતા મુશ્કેલીઓ ઊભી થાય છે મૃત પશુઓના મૃતદેહ રજળતા રહે છે ત્યારે મૃત પશુ ઢોરના નિકાલ માટે તંત્ર યોગ્ય ધ્યાન આપે તેવી માંગણી છે.